# ઑડિટોરિયમમાં મચી હાસ્યની ધમાલ





## અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના વાર્ષિક કાર્યક્રમ પ્રસંગે કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત કૉમેડી નાટક 'નમોની લીલા'એ પ્રેક્ષકોને ભરપૂર હસાવ્યા

અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખાની વાર્ષિક બેઠક તાજેતરમાં શેઠ શ્રી ખીમજી વિસરામ હૉલ, સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે સંઘનાં હોદ્દેદારો તેમજ સભ્ય બહેનો માટે કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'નમોની લીલા'નું મંચન કરવામાં આવ્યું હતું.

સંસ્થાનાં પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. અતિથિ તરીકે ઉપસ્થિત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત હૉસ્ટેલનાં સંચાલક કૌશલ્યાબેન પરીખ, મીનળબેન ઓઝા, જ્યોતિ મહિલા મંડળનાં પ્રમુખ ડૉ. ચેતના બુચ, લાયોનેસ ક્લબનાં અગ્રણી મમતા રાવલના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નગરસેવક હર્ષાબેન ધાંધલ અને પ્રવીણાબેન વોરા, આશાબેન દોષી, રાજપૂત સમાજનાં અગ્રણી સુશીલાબા જાડેજા, જલારામ મહિલા મંડળનાં અગ્રણી કુસુમબેન તન્ના, વિવિધ સંસ્થાઓનાં અગ્રણીઓ ઉપરાંત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગર્લ્સ હૉસ્ટેલની વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વૈશાલીબેન જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાનાં કારોબારી સભ્ય મંદાબેન ધોળકિયા, પ્રતીમાબેન શાહ, મંજુલાબેન ભલગામી, હંસાબેન જોષી, હિતેષીબેન ભટ્ટ, સરોજબેન દેસાઈ અને સાબિરાબેન દેસાઈએ જહેમત ઊઠાવી હતી. ઉદ્ઘાટન કાર્યક્રમ બાદ નાટક 'નમોની લીલા'નું મંચન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રેય મરડિયા, ગાયત્રી પંચાલ, મૌન સાધુ, હાર્દિકા શુક્લ, દિવ્યકાન્ત વર્મા અને કુંતલ નિમાવત દ્વારા અભિનયનાં અજવાળાં પાથરવામાં આવ્યાં હતાં. સંગીત સંચાલન પ્રતીક હિરપરા દ્વારા અને નેપથ્ય સંચાલન સાબિર મલેક, દેવલ રામાવત, અર્થ સાધુ દ્વારા કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે યુવા કલાકાર શ્રેય મરડિયાએ આ નાટકના માધ્યમથી પૂર્ણ લંબાઈના નાટકમાં પદાર્પણ કર્યું હતું, જેને પ્રેક્ષકો દ્વારા અભિનંદન સહ શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. હળવી અને સ્વાભાવિક શૈલીમાં પ્રસ્તુત થયેલા આ કૉમેડી નાટકને પ્રેક્ષકોએ મન ભરીને માણ્યું ને વખાણ્યું હતું. એમાંય નાટક દરમિયાન પ્રસ્તુત થયેલા ડાન્સે તો પ્રેક્ષકોના રોમાંચને પરાકાષ્ટા પર પહોંચાડી દીધો હતો. અલબત્ત, સળંગ બે કલાક સુધી પેટ પકડીને હસાવનાર આ નાટકે પરાકાષ્ટાના દૃશ્યમાં પ્રેક્ષકોની આંખોમાં આંસુ પણ લાવી દીધાં હતાં. સરવાળે, હસતાં-હસાવતાં એક યાદ રહી જાય એવો સંદેશ આ નાટક સમાજને આપી ગયું હતું. અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ દ્વારા આ સફળ નાટકના મંચન બદલ કુંતલ નિમાવત અને તેમની સમગ્ર ટીમને બિરદાવી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

ખૂબી અને ખામી
બંને હોય છે લોકોમાં
આપણે
શું શોધીએ છીએ
એ મહત્ત્વનું છે.

## કે બી ઈન્સ્ટીટ્યુટની ઍપોકૉલિપ્સ ઈવેન્ટ હવે ૧૦-૧૧ ઑગષ્ટ દરમિયાન યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન કે બી ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસ્યુટીકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ, ગાંધીનગર ખાતે તા. ૨૮ અને ૨૯ જુલાઈના રોજ આયોજિત રાજ્યકક્ષાની ઈવેન્ટ 'ઍપોકેલિપ્સ ૨૦૧૭' ભારે વરસાદને કારણે મુલતવી રાખવામાં આવી છે. આ ઈવેન્ટ હવે તા. ૧૦ અને ૧૧ ઑગષ્ટના રોજ યોજાશે, એમ પ્રિન્સિપાલ દ્વારા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જન્મદિને વધામણી



**હરિભાઈ એન ચૌહાણ**
ફોન : ૨૩૨૩૪૩૯૭



**અશોક જે શાહ**
મો. ૨૩૨૩૭૩૩૩

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

## વરસાદમાં જરૂરિયાતમંદ પરિવારોનો જઠરાગ્નિ પુસ્તક પરબ દ્વારા ઠર્યો



ગાંધીનગર, તા.૨૬

સમગ્ર ગુજરાતમાં અવિરત વરસી રહેલા વરસાદની અસર ગાંધીનગરના સ્લમ વિસ્તારમાં પણ થઈ છે. છેવાડાના વિસ્તારમાં આવેલી ઝુંપડપટ્ટી પાણીમાં ગરાકવ છે અને ત્યાં ચૂલો સળગી શકે એવી પરિસ્થિતિ નથી એવું આત્મન ફાઉન્ડેશન અને પુસ્તક પરબના સંયોજીકા પ્રજ્ઞાબેન પટેલના ધ્યાને આવ્યું. એમના એક મેસેજ પર પુસ્તક પરબના સભ્ય સંજય થોરતે રાધે સ્વિટસના વિપુલ સુખડીયા અને વૃંદાવન સ્વિટસના ચેતન સુખડીયાને સાદ પાડતા એમણે જોતજોતામાં અઢીસો ફુડ પેકેટ તૈયાર કરી આપ્યા.

પુસ્તક પરબના સભ્યો આશાબા સરવૈયા અને સ્વાતી શુકલએ પણ આ કાર્યમાં જોડાઈ વરસતા વરસાદમાં સે-૨૮ પાસેના ચરેડી વિસ્તારની ઝુંપડપટ્ટીમાં જઈ જાતે આ ફુડ પેકેટસ આપી જરૂરિયાતમંદોનો જઠરાગ્નિ ઠારી આવ્યા. ગાંધીનગરમાંથી આજે ઉત્તર ગુજરાત માટે ટ્રકો પાર્સલ થઈ રહી છે ત્યાં શહેરના જ જરૂરિયાતમંદ માટેનો આ નાનકડો પણ સંનિષ્ઠ પ્રયાસ પ્રેરણારૂપ છે. વધુ નહી તો બે-પાંચ પરિવારને નાની મદદ કરી અન્નદાન કરવા જેવું ખરું.

## કોલવડાની બે શાળાઓ ખાતે વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૬

શ્રીમતી કે કે પટેલ વિદ્યાલય અને શ્રીમતી ચંચળબા પ્રતાપસિંહજી વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિર, કોલવડા ખાતે તાજેતરમાં વાર્ષિક ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં અધ્યક્ષ સ્થાને આલ્ફા એન્જિનીયરિંગ કોલેજ, ખાત્રજના ટ્રસ્ટી લક્ષ્મણભાઈ આઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળા કેળવણી મંડળના સભાસદોની ઉપસ્થિતિએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. તેજસ્વી તારલાઓને શાળાના દાતાઓના હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું, વિદ્યાર્થીનીઓએ સુંદર સાંસ્કૃતિક કૃતિઓનું નિદર્શન કર્યું હતું. આચાર્ય ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન, પ્રેરણાથી સમગ્ર કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિક્ષકોએ ભારે જહેમત ઊઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન નારણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ઍલડીઆરપી આઈટીઆરના વિદ્યાર્થીઓ ઍનસીસી પરીક્ષામાં રાજ્ય સ્તરે ઝળક્યા

તાજેતરમાં મહાત્મા મંદિર ખાતે ગુજરાત ઍનસીસી દ્વારા સી સર્ટિફિકેટ કોન્વોકેશન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. ઍલડીઆરપી આઈટીઆરની નેવલ કૅડેટ કૃપાલી લક્ષરિયાએ સમગ્ર ગુજરાતમાં સી સર્ટિફિકેટ પરીક્ષામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું, જે બદલ ગુજરાત ઍનસીસીના ઍડિશનલ ડિરેક્ટર જનરલ દ્વારા તેને ઍવોર્ડ આપી સન્માનિત કરવામાં આવી હતી. આ ઉપરાંત ઍનસીસી આર્મી વિંગમાં કૉલેજના ચાર કૅડેટ્સ ખુશ્બુ કિશ્નાની, જાનકી પટેલ, દર્શન દવે અને અજય બારડને આલ્ફા ગ્રેડ પ્રાપ્ત થયો હતો. આ સઘળા કૅડેટ્સને તેમના શ્રેષ્ઠ પ્રદર્શન બદલ કૉલેજ પરિવાર વતી આચાર્ય ડૉ. ગાર્ગી રાજપરા અને ઍસોસિએટ ઍનસીસી ઑફિસર લેફ. નોરિન વૈપનાએ હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.



## જિલ્લા ખો-ખો સ્પર્ધામાં ચૌધરી વિદ્યાલય ઝળકી

ગાંધીનગર, તા. ૨૬

જિલ્લાના ધોળાકુવા ખાતે જિલ્લાકક્ષાની ખો-ખો સ્પર્ધા તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની પાંચ વિદ્યાર્થીનીઓ બેસ્ટ ખેલાડી તરીકે પસંદગી પામી હતી.

મિત્તલ ચૌધરી, નિલ્પા ચૌધરી, જૈમિની ચૌધરી, આશા ચૌધરી અને ભાવના ચૌધરીએ શ્રેષ્ઠ ખેલ પ્રદર્શન કરી આ પસંદગી પ્રાપ્ત કરી હતી.

ઉપરાંત શાળા પંચાયતની ચૂંટણી પણ તાજેતરમાં યોજવામાં આવી હતી, જેમાં જીઍસ તરીકે મિનાક્ષી ચૌધરી, ઉપમંત્રી તરીકે નિપલ ચૌધરી, મનોરંજન મંત્રી તરીકે વિષ્ણા ચૌધરી, શિસ્ત મંત્રી તરીકે મમતા ચૌધરી અને પ્રવાસ મંત્રી તરીકે ડિમ્પલ રાઠોડ ચૂંટાઈ આવ્યાં હતાં.

સૌ વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર તથા આચાર્ય સંતોકબેન ચૌધરી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## બીએડ કૉલેજોમાં ક્યુસીઆઈના ઈન્સ્પેક્શન સામે સ્ટે

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત સહિત દેશની ૧૮ હજાર જેટલી બી.એડ-એમ.એડ કોલેજોમાં ઈન્સ્પેક્શન કરવા માટે નેકના બદલે નવી કમિટી ક્વોલીટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની રચના કરવામાં આવી છે. કોલેજોને ૩૧મી જુલાઈ સુધીમાં આ કાઉન્સિલના ઈન્સ્પેક્શન માટે રજિસ્ટ્રેશન કરાવી લેવાની સૂચના આપી દેવામાં આવી હતી. એનસીટીઈએ કરેલા આદેશ સામે ગુજરાતમાંથી સોસાયટી ઓફ ધ હાયર એજ્યુકેશન ઈન્સ્ટિટયુટ દ્વારા હાઈકોર્ટમાં રીટ કરવામાં આવી હતી. જેમાં આગામી તા.૧૦મી ઓક્ટોબર સુધી સ્ટે આપવામાં આવ્યો છે. નેશનલ કાઉન્સિલ ઓફ ટીચર્સ એજ્યુકેશન (એનસીટીઈ) દ્વારા અત્યાર સુધી બી.એડ અને એમ.એડ કોલેજોનુ 'નેક' મારફતે ઈન્સ્પેક્શન કરવામાં આવતુ હતુ. નેકના ઈન્સ્પેક્શન પછી કોલેજોને જુદા જુદા ગ્રેડ આપવામાં આવતાં હતા. હવે કાઉન્સિલ દ્વારા નેકના બદલે ક્વોલીટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા એટલે કે ક્યુસીઆઈ મારફતે ઈન્સ્પેક્શન કરવાનો આદેશ કરાયો છે. આ કાઉન્સિલ દ્વારા ઈન્સ્પેક્શન કર્યા બાદ કોલેજોને એ,બી,સી,ડી એમ, ચાર પૈકી કોઈપણ એક ગ્રેડ આપવામાં આવશે. જેમાં ડી ગ્રેડ મેળવનારી કોલેજની માન્યતા રદ કરવામાં આવશે. જ્યારે સી ગ્રેડ મેળવનારી કોલેજે દરવર્ષે ઈન્સ્પેક્શન કરાવવાનું રહેશે. જ્યારે બી ગ્રેડ મેળવનારી કોલેજોએ દર બે વર્ષે ઈન્સ્પેક્શન કરાવવુ પડશે.

# સૂર સાગરની સફરે... સી-બૉર્ડ પર મધૂરાં સંગીતનાં ઉછળતાં મોજાં




એકદંતાય વક્રતુંડાય
ગૌરીતનયાય ધીમહી
ગજેશાનાય ભાલચન્દ્રાય
શ્રીગણેશાય ધીમહી

આ ગણપતિની સ્તુતિ વંદનાથી શરૂ થયેલા કાર્યક્રમમાં આ ગીત અને એનું સંગીત અને એમાંય વિશેષ કરી કી-બોર્ડ નોટેશન કંઈક અલગ લાગતાં હતાં, ઢોલ-તબલાં અને કિ-બોર્ડ સાજિંદાઓ કંઈક અલગ કરવાના મૂડમાં હોય એવું લાગતું હતું અને એમાં છેડાયેલા ગાયકોની સુરાવલિ બાદ બેકગ્રાઉન્ડમાં લાગેલા ફ્લેક્સ બોર્ડ પર ધ્યાન ગયું અને એમાં વાંચવા મળ્યું : 'કી-બોર્ડ, સી બોર્ડ અને ફિંગર બોર્ડ' અને આખું ગીત ઉકેલાઈ ગયું. હા, આ મસ્ત નોટેશનમાં એક નવો પ્રયોગ હતો સી બોર્ડનો. ગુજરાતમાં સંગીત ક્ષેત્રે અમિત ઠક્કરનું નામ સિનિયર્સમાં ગણાય છે. એક સ્ટેપ વધીને કહીએ તો અમિત ઠક્કર એ આપણા ગુજરાતના એ આર રહેમાન છે. ચીલાચાલુ કે બીબાંઢાળ બની રહેવા કરતાં કંઈક નવતર કરતાં રહેવું અને શ્રોતાઓને પણ નવું સાંભળવાની ટેવ પાડવી એવું વિચારતાં એમણે આ વખતે કી બોર્ડની સાથે સી બોર્ડ જેવા એક નવા વાદ્યનો સફળ પ્રયોગ કરીને એમની સંગીતમાં સંશોધન કરવાની પ્રતિબદ્ધતા બતાવી છે.



આખાય કાર્યક્રમમાં ગઝલ, સૂફી, હિન્દી ફિલ્મી યાદગાર ગીતો, ગુજરાતી-શાસ્ત્રીય ફ્યુઝન, દેશભક્તિ સાથે રજૂ થયું. મૂળ આશય તો સંગીતને અલગ રીતે રજૂ કરવાનો રહ્યો. શ્રાવણના પ્રથમ દિવસે ઓમ નમઃ શિવાયના ફ્યુઝનમાં અલબેલા સજન આયો રી અને એમાં સૂરોની સરગમ જામે એટલે ગુજરાતના ગૌરવ જેવી દિપ્તી દેસાઈ માટે લેડી સંકર મહાદેવન એવું સહજ નીકળી જાય. એ આર રહેમાનના ૧૯૯૭માં આવેલા આલ્બમ વંદે માતરમના ગીત 'મા તુજે સલામ' એ સમગ્ર ટીમના શ્રેષ્ઠ પ્રદર્શન જેવું જ કહી શકાય, એક બાજુ કી બોર્ડની કમાલ, બીજી બાજુ કોરસ, પાછળ રિધમ, સમગ્ર વીરરસ એક જ ગીતમાંથી અદ્ભૂત પ્રસ્તુત થયો. 'જર્ની ઑન બૉર્ડ' જેવા શીર્ષકની વાત કરીએ તો એકોર્ડિયન અને હાર્મોનિયમ એટલે કાળી-ધોળી કી બોર્ડના સંગીત સાધનો. પહેલાં હાર્મોનિયમ એટલે પગપેટી તરીકે ઓળખાતી, કારણ એનું ધમણ પગમાં હતી. ગુજરાતી રંગભૂમિના જૂનાં નાટકોમાં આ પગપેટીમાં જોવા મળતી. આર ડી બર્મન જૂની ટાઈપના કી બોર્ડમાંથી નવું સંગીત પેદા કરતાં હતાં જે આજે એન્ટીક પીસ બન્યાં છે. અત્યારના કી-બોર્ડ અત્યંત આધુનિક છે. રોલેન્ડ, યામાહા જેવી કંપની એમાં નવું ઉમેરતી જ રહે છે.

આ નવું ઈન્સ્ટ્રુમેન્ટ આવ્યું એનું નામ છે સી બોર્ડ. આમાં સંગીતની દરિયા જેટલી અગાધ શક્યતા રહેલી છે, જે લંડનની રોલી નામની કંપનીએ બનાવ્યું છે. ૨૦૧૫-૧૬માં લોન્ચ થયેલું સી બોર્ડ ભારતમાં પ્રથન ચેન્નઈમાં આવ્યું અને બીજું આપણા અમિત ઠક્કર લઈ આવ્યા. એની ફિંગર ટચ માટે એમણે ભરપૂર રિયાઝ કર્યો છે. મેકબૂક સાથે જોડીને એની સ્ક્રિન પરથી અદ્ભૂત સંગીત ઉદ્ભવે છે. આ સી બોર્ડને ફ્યુચર ઓફ ધી કી બોર્ડ કહેવાય છે. આ ઈન્સ્ટ્રુમેન્ટ પર રંગીલાની ફેમસ ધૂનનું ફ્યુઝન અને મિલે સૂર મેરા તુમ્હારાથી સંગીતના નવા પ્રકારની મોજ અમિત ઠક્કરે કરાવી. આજે તો ભારતમાં લગભગ ૮૦ સી બોર્ડ આવી ગયાં છે.

આ સંગીતના કાર્યક્રમમાં બોમ્બેનું હરિહરને ગાયેલું ગીત 'તુ હી રે...' મિહિર જાનીએ મન દઈને ગાયું તો રાજસ્થાની ફ્લેવરનું 'નીત ખેર મંગા...' ગાય બાદ તરત જ ગુજરાતી ફ્લેવરનું 'મારા વહાલને વઢીને કહેજો રે...' એવું દિપ્તી દેસાઈ જ કરી શકે. ગુલઝારનું નૈના ઠગ લેંગે ગીત હોય કે કૈલાશ ખેરનું તેરી દિવાની ગીત હોય - એમાં પણ નવીનતા લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. દિલ કી રાહેં ફિલ્મની મદન મોહનના સંગીતમાં ગવાયેલી અને કાર્યક્રમમાં ભાગ્યે જ સાંભળવા મળતી ગઝલ રસ્મે ઉલ્ફત કો નિભાયેં કૈસે... મસ્ત ગવાઈ. સ્લમડૉગ મિલિયોનરનું ઍવોર્ડ વિજેતા ગીત જય હો રજૂ થયું ત્યારે રિધમિસ્ટ પાર્થ ત્રિપાઠી (તબલાં), ભાવેશ ઠક્કર (ઓક્ટોપેડ), લવ કંસારા (ઢોલ)ની કમાલ દેખાઈ આવી. ગુજરાતી સુગમ અને ભક્તિ સંગીતમાં અલાયદો અવાજ ધરાવતા હસમુખ પાટડિયાના વારસ અર્ચિત પાટડીયાએ 'યે મોહ મોહ કે ધાગે...' સાથે એક નવા ફ્રેશ અવાજ અને શાસ્ત્રીય સજ્જતાનં દર્શન કરાવ્યાં.

દિવસો જુદાઈના જાય છે... જેવા ગીત સાથે પ્રત્યેક વખતે કંઈક નવી માહિતી, મરીઝ, મોદી, દહીંવાલા, મણિયાર, કૃષ્ણ દવેના શેર ટાંકી બે ગીતો વચ્ચે સુમેળભર્યો સેતુ હેપ્પી ભાવસારે ખુશખુશાલ થઈ જાળવી રાખ્યો. દિપ્તી દેસાઈ હોય અને દમાદમ મસ્ત કલંદર તથા લંબી જુદાઈ ગીત ના હોય એવું ના બને. બંને ધમાલગીતો સાથે 'છાપ તિલક સબ છીની રે...' એમાં કી બોર્ડ, સી બોર્ડની તબલાની રંગત જામે એટલે જાણે સંગીતના સૂરોનાં ઉછળતાં મોજાં પર સવાર થવા મળે.

એક નવતર પ્રયોગ અને નવા ઈન્સ્ટ્રુમેન્ટના મધુરા અવાજને પ્રસ્તુત કરવા માટે કલાગુર્જરી સંસ્થા અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા અભિનંદનને પાત્ર છે. અમિત ઠક્કરની હિરો ફિલ્મની ટ્યુન ઘણા સમય સુધી કાનમાં ગૂંજ્યા કરે એ સી બોર્ડના સૂરોની કમાલ કહેવાય!